તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# જૂન 2024

## PART 1
Dt. 01 to 15

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070




રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.


- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## GPSC, PSI, CCE થી લઈ કોન્સ્ટેબલ - દરેક પરીક્ષામાં ઉપયોગી

E-Book




- 22 પ્રકરણો, 565 pages
- 4500+ પ્રેક્ટિસ પ્રશ્નો
- દરેક પ્રશ્નનું સોલ્યુશન
- ઓફલાઈન મોબાઈલ ડાઉનલોડ સુવિધા જેથી ઈન્ટરનેટ વિના પણ જોઈ શકાય.
- 2 વર્ષની વેલિડિટી

Only @ 22/-

76000 51070

ડેમો કોપી ઉપલબ્ધ

**ડાઉનલોડ કરો M K SIR મોબાઈલ એપ અને વિઝિટ કરો E BOOK વિભાગ**

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**UP TO 40% OFF**

## IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર




MRP. ~~496/-~~
Only @ 299/-




MRP. ~~380/-~~
Only @ 230/-




MRP. ~~380/-~~
Only @ 230/-




Coming...




Coming...

## કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ




MRP. ~~270/-~~
Only @ 162/-




MRP. ~~230/-~~
Only @ 170/-




MRP. ~~385/-~~
Only @ 235/-




MRP. ~~280/-~~
Only @ 168/-




MRP. ~~180/-~~
Only @ 126/-

**ORDER**

Visit website crackgpsc.com/books **OR અથવા** Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી **OR અથવા** અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.


**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
**CRACK GPSC**



ફરી એકવાર Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
એક બુક
બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40%
ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070




ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું
દળદાર પુસ્તક
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા
વિદ્યાર્થીઓ માટે
હું છું
ગુજરાત
ગુજરાત માટે આવી બુક
જોઈ નહિ હોય
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
40%
ડિસ્કાઉન્ટ
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો
સરકારી વેબસાઈટ્સ, પાઠ્યપુસ્તકોનો
ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને
ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ
દ્વારા રજૂઆત
MRP. 496/-
Only 299/-
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો
7600051070

# * 1 જૂન - 2024 *

(*) પૂર્ણિમા શ્રેષ્ઠ 13 દિવસમાં ત્રણવાર માઉન્ટ એવરેસ્ટ ચઢનાર પ્રથમ મહિલા બની.

[I] નેપાળના ગોરખાની 32 વર્ષીય પર્વતારોહી અને ફોટો જર્નાલિસ્ટ પૂર્ણિમા શ્રેષ્ઠે એક જ સીઝનમાં માત્ર 13 દિવસમાં ત્રણવાર મા. એવરેસ્ટ પર ચઢવા બદલ રેકોર્ડ બનાવ્યો.



[II] અગાઉ તેઓ 2018માં પણ એવરેસ્ટ ચઢ્યા હતા અને ત્યારબાદ ચારવાર એવરેસ્ટ સર કર્યો હતો.

[III] તેમનો રેકોર્ડ મહિલા સશક્તિકરણનું પ્રતિનિધિત્વ દર્શાવે છે અને મહિલાઓને તેમના સપનાઓ પૂરા કરવા પ્રેરણાબળ પૂરૂ પાડે છે.

(*) પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના સચિવ પંકજ જૈને લીબિયાના રાજનૈતિક બાબતના ઉપમંત્રી સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી.

[I] લીબિયાના રાજનૈતિક બાબતના ઉપમંત્રી મોહમ્મદ ખલીલ ઈસ્સા અને તેમના પ્રતિનિધિમંડળની નવી દિલ્હી ખાતે બેઠક મળી. આ બેઠકમાં ભારત અને લીબિયાના ઊર્જા ક્ષેત્રમાં સહયોગ વધારવા પર ચર્ચા કરવામાં આવી.

[II] ભારત કાચા તેલના વેપારમાં વૃદ્ધિ અને લીબિયામાં તપાસ અને ઉત્પાદન પરિયોજના શરૂ કરવા સહમત થયું. આ માટે IOCL, ONGC, OIL કંપનીઓ રોકાણ કરશે.

[III] ભારતે 1969માં લીબિયાની રાજધાની ત્રિપોલી ખાતે તેમની રાજનૈતિક સંબંધની શરૂઆત કરી હતી.

**(*) તેલંગાણા સરકારે તમ્બાકૂ અને ગુટખા ઉત્પાદનોના વેચાણ, ઉત્પાદન પર પ્રતિબંધ લગાવ્યો.**

(I) તેલંગાણા સરકારે 24 મે 2024 થી એક વર્ષ માટે આ પ્રતિબંધ મૂક્યા.

(II) આ પ્રતિબંધ સાર્વજનિક ભલાઈ માટે પ્રતિબંધ ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ 2006 હેઠળ લગાવાયો.

(III) તમાકૂ ઉત્પાદનોથી મુખ કેન્સર અને અન્ય બિમારીઓ જન્મે છે.

(IV) તેલંગાણાના પાન દુકાન માલિકોએ આ નિર્ણયને સમર્થન આપ્યું છે.

(V) ચાવવા માટેનું તમાકૂ, ધુમ્રરહિત તમાકૂ પ્રથમવાર 2002માં મહારાષ્ટ્ર સરકારે પ્રતિબંધ મૂક્યો હતો.

**(*) 6 નાટો દેશ રશિયા વિરુદ્ધ 'ડ્રોન દિવાલ' બનાવશે.**

(I) લિથુઆનિયા, લાતવિયા, એસ્ટોનિયા, પોલેન્ડ, ફિનલેન્ડ અને નોર્વેએ તેમની સીમાની રક્ષા માટે એક ડ્રોન દિવાલ રશિયા વિરુદ્ધ બનાવવાનો નિર્ણય કર્યો.

(II) આ દિવાલ નોર્વે થી પોલેન્ડ સુધી બનશે અને સીમાની સુરક્ષા માટે ડ્રોન અને અન્ય તકનીકો ઉપયોગ કરશે.

(III) આ યોજનામાં યુરોપીય સંઘની ધન આપૂર્તિની સંભાવના છે. જેનાથી આ દેશોને આર્થિક લાભો મળી રહેશે.

• રશિયા સાથે સરહદ ધરાવતા • યુરોપીય દેશો

- નોર્વે
- ફિનલેન્ડ
- એસ્ટોનિયા
- લાતવિયા
- લિથુઆનિયા
- પોલેન્ડ
- બેલારુસ
- યુક્રેન
- જોર્જિયા
- લિથુઆનિયા



**[*] આયુષ મંત્રાલયે AIIA સાથે મળી મહત્તા કાર્યક્રમ આયોજિત કર્યો.**

[I] આયુષ મંત્રાલય અને અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાને વિમા ક્ષેત્ર અને આયુષ સ્વાસ્થ્ય સેવા આપનાર વચ્ચે સહયોગ માટેના ઉદ્દેશ્યથી આ આયોજન કરાયું.

[II] આયુષ મંત્રાલયમાં વિમા માટે વિશેષજ્ઞોના કોર સમૂહના અધ્યક્ષ પ્રો. બેજોન કુમાર મિશ્રાના અનુસાર તેઓ તમામ માટે સસ્તી, સુલભ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવા પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

• અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાન •

▷ નવી દિલ્હી સ્થિત એક આયુર્વેદ ચિકિત્સા અને અનુસંધાન સંસ્થા છે.

▷ શરૂઆત - 2010 માં

**[*] RBI એ હીરો ફિનકોર્પ લિમિટેડને 3.1 લાખ રૂપિયાનો દંડ કર્યો.**

[I] વ્યાજબી પ્રેક્ટિસ કોડ થી સંબંધિત જોગવાઈના પાલન ન કરવા બાબતે આ દંડ કર્યો.

[II] આ દંડ નિયમનકારી પાલન માટે ક્ષતિઓ પર આધારિત છે. અને તેનો ઉદ્દેશ્ય કંપની દ્વારા ગ્રાહકો સાથે કરવામાં આવેલ લેનદેનની વૈધતા પર સવાલ ઉઠાવવાનો બિલકુલ નથી.

[III] RBI એ 31 માર્ચ, 2023 સુધીના કંપનીના નાણાકીય સ્થિતિનું પણ નિરીક્ષણ કર્યું.

[IV] RBI અનુસાર, હીરો ફિનકોર્પ ઉધારકર્તાઓને સ્થાનિક ભાષામાં લેખિત મંજૂરી નિયમ અને શરતો પ્રદાન કરવામાં નિષ્ફળ રહ્યું છે. જેના કારણે આ દંડ કરવામાં આવ્યો.

Current Affairs By C.J. Shingala

# * 2 જૂન - 2024 *

**[*] અપૂર્વ ચંદ્રા 77મી વિશ્વ સ્વાસ્થ્ય સભા (WHO)ની સમિતિના અધ્યક્ષ નિયુક્ત.**

[I] અપૂર્વ ચંદ્રા ભારત સરકારના કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ છે.

[II] WHOની સમિતિ A ની અધ્યક્ષતા ભારત કરી રહ્યું છે. આ સભા 27 મે થી 1 જૂન જિનેવા ખાતે આયોજિત થઈ.

[III] આ સભામાં સ્વાસ્થ્ય પર સવિશેષ ચર્ચાઓ કરવામાં આવી.

Current Affairs By C.H.Shingala

**[*] ડિઝની સ્ટારના ગૌરવ બેનર્જી ને સોની કોર્પોરેશને ભારત ડિવિઝનના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) નિયુક્ત કરાયા.**

[I] બેનર્જી એન.પી. સિંહનું સ્થાન લેશે. જેમણે 25 વર્ષની સેવા બાદ સોની કોર્પોરેશન છોડ્યું.

[II] બેનર્જીએ સ્ટાર ભારત માટે વ્યવસાય હેડશિપ, ડિઝની સ્ટારમાં ડિઝની+ હોટસ્ટારનું પણ સંચાલન કર્યું છે.

[III] તેઓ સ્ટ્રીમિંગ સેવા સોનીલિવનું પણ સંચાલન કરશે.

GPSC

**[*] વિશ્વ તંબાકૂ નિષેધ દિવસ - 31 મે**

[I] થીમ - 2024 - 'બાળકોને તંબાકૂ ઉદ્યોગના હસ્તક્ષેપથી બચાવવા'

[II] તંબાકૂમાં રહેલ નિકોટિન હૃદય અને શ્વસન સંબંધિત બિમારીનું કારણ બને છે.

**[*] 'પ્રગતિ 2024' પહેલ.**

I) નવી દિલ્હીમાં કેન્દ્રીય આયુર્વેદિક વિજ્ઞાન અનુસંધાન પરિષદ (CCRAS) એ 'પ્રગતિ 2024' (Pharma Research in AyurGyan And Techno Innovation) ની શરૂઆત કરી.

II) આ પહેલ અંતર્ગત દેશની 35 દવા કંપનીઓ સાથે મળી CCRAS એ આયુર્વેદિક દવાઓ બાબતે ચર્ચા કરી તથા ક્ષેત્રના ઉત્થાન માટેના પ્રયાસોની ચર્ચા કરી.

III) આ પહેલથી આયુર્વેદ ક્ષેત્રે નવા સંશોધનોને વેગ મળશે તથા તેનો વિકાસ અને ઉન્નતિ થશે.

**[*] ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગારે ઓમાનમાં પ્રવાસી અભિલેખોનું ડિજિટલીકરણ કર્યું.**

I) ઓમાનના મસ્કટ ખાતેના ભારતીય દૂતાવાસમાં ઓમાનમાં પ્રવાસી ભારતીયોના ઐતિહાસિક અભિલેખો અને દસ્તાવેજોને ડિજિટલ કર્યા.

II) આ યોજનાને 'ઓમાન સંગ્રહ - ઓમાનમાં ભારતીય સમુદાયની અભિલેખિય વિરાસત' શિર્ષક અપાયું. આ યોજનામાં ગુજરાતના 32 મુખ્ય ભારતીય પરિવારો છે જેઓ 250 વર્ષ જૂનો ઈતિહાસ ધરાવે છે.

III) આ દસ્તાવેજોને હિંદી, ગુજરાતી, અંગ્રેજી, અરબી ભાષામાં તૈયાર કરાશે અને 'અભિલેખ પટલ' નામક પોર્ટલ પર અપલોડ કરાશે.

IV) યોજનામાં બુઝુર્ગોએ આપેલ મૌખિક ઈતિહાસનો પણ રેકોર્ડ કરાશે.

## [*] વિશ્વ દૂધ દિવસ - 1 જૂન

(I) Food and Agriculture Organization (FAO) એ 2001માં આ દિવસની શરૂઆત કરી.

(II) આ દિવસનો ઉદ્દેશ્ય દૂધને વૈશ્વિક ખોરાક તરીકે મહત્વ આપવાનો તથા ડેરી ઉદ્યોગને બિરદાવવાનો છે.

(III) FAOSTAT (Food and Agriculture Organization Corporate Statical Database) ના આંકડાઓ અનુસાર ભારત સમગ્ર વિશ્વમાં દૂધનો સૌથી મોટો ઉત્પાદક છે.

(IV) <u>વર્ષ 2024 ની થીમ</u>: વિશ્વને પોષણ આપવામાં ગુણવત્તાયુક્ત પોષણ માટે ડેરી દ્વારા નિભાવાયેલ મહત્વપૂર્ણ ભૂમિકાનો આનંદ મનાવવો.

## One Liner News

(I) ક્રેડિટ એગ્રીકોલ, સોસાયટી જનરલ, ડ્યુશ બેંક, BNP પારિબા ચાર યુરોપીય બેંકોએ ત્રાહિત પક્ષ લેણદેણ માટે RBI ની મંજૂરી માંગી.

(II) મધ્યપ્રદેશના ગુના જિલ્લાના વિજયપુરમાં ગેસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડે પ્રથમ હાઇડ્રોજન ગ્રીન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.

(III) વિશ્વ ભૂખ દિવસ - 28 મે.
થીમ - 'સંપન્ન માતા, સંપન્ન વિશ્વ'

(IV) ICC એ T20 વિશ્વ કપ 2024 માટે શાહિદ આફ્રિદીને ગ્લોબલ એમ્બેસેડર નિયુક્ત કર્યા.

(V) આંતરરાષ્ટ્રીય બટેટા દિવસ - 30 મે
થીમ - વિવિધતા લણણી, આશાનું પોષણ (Harvesting Diversity, Nurturing Hope)

Current Affairs By C.H.Shingala GPSC

# * 3 જૂન - 2024 *

**[*] UN મિલિટ્રી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ 2023 – રાધિકા સેનને.**

I) ભારતીય મહિલા શાંતિ સૈનિક મેજર રાધિકા સેનને કોંગો લોકતાંત્રિક ગણરાજ્ય (MONUSCO)માં સંયુક્ત રાષ્ટ્ર સંગઠન સ્થિરીકરણ મિશનમાં કામ કરવા બદલ આ એવોર્ડ આપ્યો.

II) તેઓએ માર્ચ 2023 થી એપ્રિલ 2024 સુધી ભારતીય રેપિડ ડિપ્લોયમેન્ટ બટાલિયન (INDRDB) માટે મોનુસ્કોના એંગેજમેન્ટ પ્લાટૂનના કમાન્ડર તરીકે કામ કર્યું હતું.

III) મેજર સુમન ગવાની બાદ, આ પુરસ્કાર મેળવનાર તેઓ બીજા ભારતીય શાંતિ સૈનિક છે.

• મિલિટ્રી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ •

→ આ એવોર્ડની 2016માં શરૂઆત કરવામાં આવી.

→ મહિલાઓ, શાંતિ અને સુરક્ષા પરના UN સુરક્ષા પરિષદના પ્રસ્તાવ 1325ના સિદ્ધાંતોને વેગ આપવામાં વ્યક્તિગત સૈન્ય શાંતિ સૈનિકના સમર્પણ અને પ્રયાસોને માન્યતા આપવા આ એવોર્ડ આપવામાં આવે છે.




Current Affairs By C.H.Shingala GPSC

**[*] ભારતે 2024-26 માટે 'કોલંબો પ્રોસેસ'ની અધ્યક્ષતા મેળવી.**

[I] ભારત સુરક્ષિત, વ્યવસ્થિત અને કાનૂની પ્રવાસને વેગ આપવા આ અધ્યક્ષતા કરશે.

[II] કોલંબો પ્રોસેસ દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયામાં પ્રવાસી શ્રમિક મૂળ દેશની એક ક્ષેત્રીય પ્રક્રિયા છે. જે વિદેશમાં રોજગાર સંબંધિત વિવિધ આદાન-પ્રદાન માટે કામ કરે છે.

[III] ૨૦૦૩માં તેની સ્થાપના બાદ ભારત તેનું સભ્ય રહ્યું છે. કોલંબો પ્રોસેસમાં પ્રવાસી શ્રમિકોના મૂળવાળા એશિયાઈ દેશોના 12 સભ્ય દેશો સામેલ છે. તેઓ વિદેશ રોજગારના સર્જન અને સંચાલન માટે એક મંચ પર એકઠા થાય છે.

**[*] અગ્નિકુલ કોસમોસે અગ્નિબાણ સબ ઓર્બિટલ રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કર્યું.**

[I] IIT મદ્રાસ ઈન્ક્યુબેટેડ સ્પેસ સ્ટાર્ટઅપ, અગ્નિકુલ કોસમોસે, સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રમાં તેનું ખાનગી લોન્ચપેડથી અગ્નિબાણ રોકેટનું સફળ પરીક્ષણ કર્યું.

[II] અગ્નિબાણ એ સિંગલ સ્ટેજ એન્જિન લોન્ચ વ્હીકલ છે. તથા દુનિયાનું પ્રથમ સિંગલ-પીસ 3-D પ્રિંટેડ સેમી ક્રાયોજેનિક રોકેટ એન્જિન છે.

[III] આ વ્હીકલ 700km ની કક્ષામાં 300kg સુધીનો વજન લઈ જઈ શકે છે. તથા તેમાં લિક્વિડ અને ગેસના મિશ્રણ સાથે અર્ધક્રાયોજેનિક એન્જિનનો ઉપયોગ થયો છે.

- અગ્નિકુલ કોસમોસની સ્થાપના ૨૦17માં શ્રીનાથ રવિચંદ્રન અને મોઈન એસપીએમ એ કરી હતી.
- ડિસે. ૨૦૨૦માં ISRO સાથે સમજૂતી કરનાર પ્રથમ ભારતીય કંપની બની.

Current Affairs By C.H Singala GCPSC

# * 4 મે - 2024 *

**[*] સમર ફિએસ્ટા-2024**

I. શિક્ષા મંત્રાલયે રાષ્ટ્રીય બાલ ભવન ખાતે સમર ફિએસ્ટા 2024ની શરૂઆત કરી.

II. સમર ફિએસ્ટા 1 માસ સુધી ચાલનાર કેમ્પ છે. જેમાં 5થી16 વર્ષના બાળકો માટે 30થી વધુ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ સામેલ છે.

III. કાર્યક્રમમાં ઓડિસી નૃત્ય, યોગ, સુલેખન, સંગીત, ગાયન તથા વિવિધ રમતોના સત્ર આયોજિત થશે.

• રાષ્ટ્રીય બાલ ભવન •

(A) શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ હેઠળની સંસ્થા છે.

(B) સ્થાપના- 1965

(C) ઉદ્દેશ્ય- બાળકોમાં વિચાર, રચનાત્મક, મનોરંજક જ્ઞાન વધારવાનો.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] દક્ષિણ કોરિયાએ દેશની પ્રથમ અંતરિક્ષ એજન્સી શરૂ કરી.**

I. દ. કોરિયાએ 2045 સુધીમાં મંગળ ગ્રહ પર ઉતરવાની યોજના સાથે 'કોરિયા એરોસ્પેસ એડમિનિસ્ટ્રેશન' અંતરિક્ષ એજન્સીની શરૂઆત કરી.

II. 2023 મે, માં નૂરી રોકેટના પ્રક્ષેપણ બાદ દ-કોરિયા પોતાનું અંતરિક્ષયાન અને ઉપગ્રહ વિકાસ ટકનીક ધરાવતો સાતમો દેશ બન્યો.

• દ-કોરિયાના અન્ય યોજના: •

(1) 2032 - પ્રથમ ચંદ્ર લેન્ડર

(2) 2027 - ઓછામાં ઓછા ત્રણ અંતરિક્ષ યાન.

[*] ડોનાલ્ડ ટ્રમ્પ અપરાધ માટે દોષિત જાહેર થનાર પ્રથમ પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ બન્યા.

[I] ન્યૂયોર્કની એક જૂરીએ તેમને અભિનેતાને પૈસા આપી ૨૦16ની ચૂંટણીમાં અવૈધ રીતે પ્રભાવિત કરવાની યોજનામાં તમામ આરોપોમાં દોષિત ઠેરવ્યા.

[II] ટ્રમ્પ આ બાબતે અપીલ કરશે. તથા દોષિત ઠેરવ્યાની બાબત તેમને રા.પતિ પદની ચૂંટણીમાં ભાગ લેતા અટકાવશે નહિ.

[III] ટ્રમ્પ પર બિડેન દ્વારા ૨૦૨૦ની ચૂંટણી જીતવાના પરિણામોને ફેરવવાની કોશિશ કરવાનો પણ આરોપ છે.

[*] ઊંચા તાપમાનને રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવામાં આવે: રાજસ્થાન HC

[I] ન્યાયમૂર્તિ અનૂપ કુમાર ઢાંડની એક પીઠે ગર્મી અને ઠંડીની લહેરોની સ્થિતિને આપત્તિ જાહેર કરવાનું સૂચન કર્યું. તથા રાજ્ય સરકારને 'હીટ એક્શન પ્લાન' તૈયાર કરવાનું પણ સૂચન કર્યું.

[II] અદાલતે રાજસ્થાનમાં હિટવેવ સંબંધિત ઘટનાઓ માટે વિવિધ વિભાગોની સમિતિ રચનાનો પણ નિર્દેશ આપ્યો.

• હીટવેવ •

▷ એક ક્ષેત્રમાં સામાન્ય થી અસામાન્ય તાપમાનની સ્થિતિ.

▷ હવાના તાપમાનની માનવ માટે ઘાતક સ્થિતિ

▷ મેદાની ક્ષેત્રમાં 40°c થી વધુ અને પહાડી ક્ષેત્રમાં 30°c થી વધુનું તાપમાન હિટવેવ માનવામાં આવે છે

Current Affairs By C.H Shingala

## નેલ્સન મંડેલા પુરસ્કાર-2024

I. વિશ્વ આરોગ્ય સંસ્થાએ રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય અને તંત્રિકા વિજ્ઞાન સંસ્થા (નિમ્હાંસ) ને આ પુરસ્કાર અપાયો.

II. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આ માટે નિમ્હાંસને અભિનંદન આપ્યા.

III. આ પુરસ્કાર નિમ્હાંસના સ્વાસ્થ્ય સેવામાં ભારતના પ્રયાસો માટે અપાયો છે.

IV. નેલ્સન મંડેલા પુરસ્કારની શરૂઆત 2019માં WHO એ સ્વાસ્થ્ય સંવર્ધનમાં યોગદાન માટે વ્યક્તિ, સંસ્થા અને સંગઠનને આપવા થઈ હતી.

## RBI એ UK થી 100 ટન સોનું ભારતમાં સ્થળાંતરિત કર્યું.

I. 1991 બાદ પ્રથમવાર RBI એ લોજિસ્ટિક અને ભંડારણના કારણો સાથે 1 લાખ kg થી વધુ સોનું ભારતમાં સ્થળાંતર કર્યું.

II. આ પગલાંથી RBI ને બેંક ઓફ ઈંગ્લેન્ડને ભરવા પાત્ર ભંડારણ ખર્ચ બચાવવામાં મદદ મળશે. આ સોનાને મુંબઈના મિંટ રોડ અને નાગપુરમાં RBI ના કાર્યાલય ભવનમાં સ્થિત તિજોરીઓમાં સંગ્રહિત કરાશે.

III. 31 માર્ચ, 2024ની સ્થિતિએ RBI પાસે 822.10 મેટ્રિક ટન સોનું છે. ઓગસ્ટ, 1990માં તત્કાલીન RBI ગવર્નરે આપાતકાલીન ઉપયોગ માટે 15% સોનું રિઝર્વ રાખવાનો પ્રસ્તાવ રાખ્યો હતો.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## [*] રેડ ફ્લેગ 24 બહુરાષ્ટ્રીય અભ્યાસ.

(I) ભારતીય વાયુસેનાની ટીમ આ અભ્યાસમાં અલાસ્કાના એઇલસન એર ફોર્સ બેઝ ખાતે ભાગ લેશે.

(II) IL-78 એર-ટૂ-એર રિફ્યૂલર, રાફેલ વિમાન અને C-17 વિમાન આ અભ્યાસમાં ભાગ લેશે.

(III) રેડ ફ્લેગ અભ્યાસ હવાઈ યુદ્ધ પ્રશિક્ષણ અભ્યાસ છે. જેનો ઉદ્દેશ્ય બહુરાષ્ટ્રીય વાતાવરણમાં વાયુસૈનિકોને એકીકૃત કરવાનો છે જેનાથી યુદ્ધની તૈયારી અને આંતર-સંચાલનને વધારવાનો અમૂલ્ય અવસર મળશે.

## [*] વિશ્વ પર્યાવરણ દિવસ - 5 જૂન

(I) 1972માં UNનાં માનવ પર્યાવરણ પર સ્ટોકહોમ સંમેલનમાં 5 જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ જાહેર કર્યો અને 1973માં પ્રથમવાર મનાવાયો.

(II) સાઉદી અરબ વિશ્વ પર્યાવરણ દિવસ, 2024નું મેજબાન હતું.

(III) 2024ની થીમ - 'ભૂમિ પુનઃસંગ્રહ, રણીકરણ અને દુકાળની સ્થિતિ સ્થાપકતા'
(Land Restoration, Desertification and drought Resilience)

(IV) વર્ષ 2024 UN કન્વેન્શન ટૂ કોમ્બેટ ડેઝર્ટિફિકેશનની (UNCCD) 30મી વર્ષગાંઠ છે. UNCCD અનુસાર પૃથ્વીની 40% ભૂમિ ક્ષારિત થઈ ચૂકી છે અને તેની અસર અડધા વિશ્વની વસ્તી પર છે.

(V) દર વર્ષે 400 મિલિયન ટનથી વધુ પ્લાસ્ટિકનું નિર્માણ થાય છે. જેમાં 50% સિંગલ યુઝ પ્લાસ્ટિક છે. જે પર્યાવરણ માટે અતિગંભીર સમસ્યાનું નિર્માણ કરે છે.

Current Affairs By C.H.Shingala

# * 6 જૂન-2024 *

## (*) 46મી એન્ટાર્કટિક સંધિ બેઠકનું સમાપન

I) 46મી એન્ટાર્કટિક સંધિ સલાહકાર બેઠક અને પર્યાવરણ સંરક્ષણ પરની 26મી સમિતિ કોચ્ચિ, કેરળ ખાતે સમાપ્ત થઈ. આ બેઠકમાં 56 દેશોના 400 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

II) બેઠકમાં વિજ્ઞાન, નીતિ, શાસન, પર્યાવરણ સંરક્ષણ અને પર્યટન સંબંધિત ચર્ચાઓ કરવામાં આવી.

III) બેઠકનો વિષય 'વસુધૈવ કુટુમ્બકમ' હતો જેનો અર્થ એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય સાથે જોડાયેલ છે.

IV) સમુદ્રી બરફમાં પરિવર્તન, પર્યાવરણીય પ્રભાવ, સમુદ્ર જીવન સંરક્ષણ અને પર્યાવરણ દેખરેખ માટે એક આંતરરાષ્ટ્રીય વિવિધતાસભર પ્લાનિંગ માટેની ચર્ચાઓ કરવામાં આવી.

## (*) ક્લાઉડિયા શિનબામ મેક્સિકોની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનશે.

I) મધ્યવર્તી પરિણામોમાં શિનબામને 59% વોટ સાથે અગ્રિમતા છે જ્યારે તેના પ્રતિસ્પર્ધી ગેલ્વેજને 29% મત મળ્યા છે

II) શિનબામ USA, મેક્સિકો કે કેનેડામાં સામાન્ય ચૂંટણી જીતનાર પ્રથમ મહિલા બનશે. અને તેઓ સત્તારૂઢ વામપંથી મોરેના પાર્ટીનું નેતૃત્વ કરશે.

III) નવા રા.પતિ માટે પ્રવાસી અને માદક પદાર્થોની તસ્કરી માટે USA સાથેની ચર્ચા તથા વિજળી અને પાણીની કમી દૂર કરવાની મહત્વની સંભાવનાઓ રહેશે.

**(*) સિક્કિમ ક્રાંતિકારી મોરચા (SKM) એ 32 માંથી 31 સીટ જીતી.**

I) મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગના નેતૃત્વવાળી SKM એ હિમાલયી રાજ્યમાં સત્તા મેળવી. ચૂંટણીપંચના પરિણામોમાં પાર્ટીએ સંપૂર્ણ બહુમત મેળવી છે. જ્યારે 1 સીટ SDF (સિક્કિમ ડેમોક્રેટિક ફ્રંટ)ને મળી છે.

II) વિપક્ષી નેતા અને SDF ની વડા, પૂર્વ CM પવનકુમાર ચામલીંગ પોતાની સીટ પરથી હાર્યા છે અને તેમની પાર્ટીએ માત્ર 1 જ સીટ જીતી.

III) 2024 વિધાનસભા ચૂંટણીમાં BJP એ ગઠબંધન તોડ્યા બાદ SKM એ એકલા ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો.

**(*) ચીનનું ચાંગ 'A-6' ચંદ્રયાન સફળતાપૂર્વક દક્ષિણ ધ્રુવ પર ઉતર્યું.**

I) ચીનની સરકારી સમાચાર એજન્સી શિન્હુઆએ ચાંગ-A-6 દક્ષિણ ધ્રુવ-એટકેન બેસિન પર સફળતાપૂર્વક પહોંચ્યાની વિગત પ્રસારિત કરી.

II) આ યાન 53 દિવસીય મિશન માટે કામ કરશે અને ચંદ્રના દુર્લભ ક્ષેત્રોના નમૂનાઓ મેળવશે.

III) સપાટીની નીચેથી અને સપાટીની ઉપરથી એમ બંને પ્રકાર નમૂનાઓ લેવામાં આવશે.

- સંયુક્ત રાજ્ય અમેરિકા 2026 સુધીમાં આર્ટેમિસ-3 મિશનથી અંતરિક્ષ યાત્રીઓને ચંદ્ર પર મોકલશે.

Current Affairs By C.H.Shingala

**(*) વિશ્વ સાયકલ દિવસ - 3 જૂન**

I) 2018માં UN મહાસભાએ સાયકલ ચલાવવાથી થતા લાભોને ધ્યાને રાખતા આ દિવસની શરૂઆત કરી. આ શરૂઆત માટેની પહેલ તુર્કમેનિસ્તાને કરી હતી.

II) થીમ-2024 - 'સાયકલિંગના માધ્યમથી સ્વાસ્થ્ય, સમાનતા અને સ્થિરતા વધારવા.'

# * 7 જૂન - 2024 *

**(*) 60 સભ્યની અરુણાચલ પ્રદેશ વિધાનસભામાં BJPને 46 સીટ મળી.**

I. નેશનલ પીપલ્સ પાર્ટીની પાંચ સીટ સાથે કોનરાડ સંગમાએ NPP-NDA ગઠબંધન કર્યું.

II. પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલે બે સીટ અને NCPએ ત્રણ સીટ જીતી જ્યારે કોંગ્રેસે એક સીટ મેળવી.

III. BJP અરુણાચલમાં સતત ત્રીજીવાર સરકાર બનાવશે.

IV. 50 વિધાનસભા સીટ પર મતગણતરીના આધારે જ્યારે 10સીટ નિર્વિરોધ પૂર્ણ BJPએ મેળવી હતી.

**(*) મોંઘવારી ભથ્થું 50% પહોંચવા પર સરકારે કર્મચારીઓની ગ્રેચ્યુટી સીમા વધારી.**

I. કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું 4% વધારી 50% કરવાની સાથે ગ્રેચ્યુટીમાં વધારાની જાહેરાત કરી.

II. 1 જાન્યુ. 2024થી સેવાનિવૃત્તિ ગ્રેચ્યુટી અને મૃત્યુ ગ્રેચ્યુટીની અધિકતમ સીમા 25% વધારી 20 લાખ થી 25લાખ કરી.

III. આ નિર્ણય કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને સેવાનિવૃત્તોને લાભ મળશે.

Current Affairs By C.H.Shingala
Crack GPSC

કરન્ટ અફેર્સ
Crack G GPSC
Daily કરન્ટ અફેર્સ PDF આપને
ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

## [*] કૈનોપી પુલ - ગિબ્બન અભયારણ્ય

(I) અસમના હોલાંગાપાર ગિબ્બન અભયારણ્યને બે ભાગમાં વિભાજિત કરતા રેલવે ટ્રેક પર વાનરોના આવનજાવન માટે કૈનોપી પુલ બનાવાશે.

(II) કૈનોપી પુલ એવી રીતે બનાવાશે જેનાથી તે લગભગ પ્રાકૃતિક દેખાય.

(III) 1.65 km લાંબો ટ્રેક આ અભયારણ્યના 2,098.62 હેક્ટરને વિભાજિત કરશે.



(IV) આ અભયારણ્યમાં હુલોક ગિબ્બનની સૌથી વધુ સંખ્યા જોવા મળે છે. અને તેઓ મોટા ભાગનો સમય ઊંચા વૃક્ષો પર વિતાવે છે.

## [*] વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ - 7 જૂન

(I) ખાદ્ય સંબંધિત જોખમોને રોકવા તથા તેની માહિતી મેળવવા અને તેની વ્યવસ્થા કરવા આ દિવસ મનાવાય છે.

(II) WHO અને UN ના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) એ આ દિવસની શરૂઆત કરી.




(III) આ દિવસ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે આપણે જે ખોરાક ખાઈએ છીએ તે સુરક્ષિત છે.

(IV) 2024 ની થીમ - 'ખાદ્ય સુરક્ષા: અનઅપેક્ષિત માટે તૈયાર રહો'.
આ થીમ અચાનક થનાર ખાદ્ય સુરક્ષા ઘટનાઓ તરફ ધ્યાન આકર્ષિત કરે છે.

Current Affairs C.H.Shingala GPSC

# * ૬ જૂન-૨૦૨૪ *

**(*) ગઠબંધન સરકારની રચનામાં સ્પીકર પદ માટેની હોડ કેમ મહત્વની.**

[I] તાજેતરમાં ભારતની લોકસભાની ચૂંટણીમાં આવેલા પરિણામોમાં NDA ગઠબંધનની ત્રીજીકાળની સરકાર રચાશે. પરંતુ ભાજપ પાસે આ વખતે સંપૂર્ણ બહુમતી ન હોવાથી TDP અને JDU જેવી પાર્ટીઓ લોકસભાનું સ્પીકર પદ માંગી રહી છે.

[II] સ્પીકર લોકસભાના વડા અને તેના પ્રતિનિધિ હોય છે. તે સભ્યોની સત્તા અને વિશેષાધિકારના રક્ષક છે. ગૃહમાં લેવામાં આવતા સંસદીય નિર્ણયોમાં તેમનો નિર્ણય અંતિમ હોય છે. સામાન્ય રીતે સ્પીકર મતદાન પ્રક્રિયામાં ભાગ લેતા નથી પરંતુ જ્યારે પક્ષમાં અને વિરૂદ્ધમાં એક સમાન મત પડે ત્યારે તેઓ તેમનો નિર્ણાયક મત (કાસ્ટિંગ વોટ) આપે છે. સ્પીકર કોરમના આધારે ગૃહની શરૂઆત અને સ્થગિત કરવાની તથા સાંસદોના બેફામ વર્તન સામે તેમને સજા કરવાની સત્તા ધરાવે છે. સૌથી મહત્વની ભૂમિકા તેઓ કોઈ બિલ નાણાકીય બિલ છે કે નહિ તે નક્કી કરે છે.

[III] ગઠબંધન સરકારમાં ઓછા સભ્યો ધરાવતા નાના પક્ષો અન્ય પક્ષોમાં જોડાઈ જવાનું જોખમ હોય છે. ત્યારે આવી સ્થિતિમાં પક્ષપલટા વિરૂદ્ધ કાયદામાં સ્પીકર તેમની વિવેકબુદ્ધિને આધારે આવા પક્ષ અથવા સભ્યને ગેરલાયક ઠરવવાની સત્તા ધરાવે છે. કારણ કે સુપ્રીમ કોર્ટ પાસે પક્ષપલટા વિરૂદ્ધ કાયદા મામલે મર્યાદિત સત્તા જ છે.


ફ્રી
સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.

Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC

• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો. 76000 51070

[IV] અટલ સરકારના બીજા કાર્યકાળમાં ગૃહમાં વિશ્વાસ મત દરમિયાન સ્પીકરે ઓડિશાના મુખ્યમંત્રી ગમાંગને વોટ આપવા મંજૂરી આપી હતી અને માત્ર એક વોટના અંતરે અટલ સરકાર પડી ગઈ હતી. 2008માં ભારત અને અમેરિકા પરમાણુ કરારના કેસમાં અવિશ્વાસ પ્રસ્તાવમાં CPI એ કોંગ્રેસમાંથી સમર્થન ખેંચ્યું અને પાર્ટીએ સ્પીકર સોમનાથ ચેટરજીને સ્પીકર પદ છોડવા કહ્યું. પરંતુ તેમણે પદ ન છોડતા CPI એ તેમને પાર્ટીમાંથી દૂર કર્યા અને મનમોહન સિંહ સામે વિશ્વાસમત પડ્યો. આ દરમિયાન નોટ ફોર વોટની ચર્ચાએ વેગ પકડ્યો હતો અને સરકારે તેમના તરફે મત આપવા લાંચ આપ્યાનો આરોપ સ્પીકર પર લગાવાયો હતો.

**[*] SEZ એકમોને હવે ટેક્સમાં છૂટ નહીં મળે, એક્સાઈઝ બિલ 2024માં ફેરફાર.**

[I] કેન્દ્રના પ્રસ્તાવિત સેન્ટ્રલ એક્સાઈઝ બિલ, 2024 મુજબ, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ)માં ઉત્પાદિત અને ભારતમાં અન્ય જગ્યાએ લાવવામાં આવતા એક્સાઈઝેબલ માલને ટેક્સમાં છૂટ અપાશે નહીં! બિલ અંતર્ગત જો કોઈ વસ્તુ છૂટ માટે લાયક ગણાશે તો કેન્દ્ર સરકાર અલગથી સૂચના જાહેર કરશે.

[II] આ ડ્રાફ્ટના અમલીકરણથી સેઝ એકમોની કથિત કરચોરી અટકશે અને પ્રોત્સાહનોનો દુરુપયોગ પણ અટકશે. હાલ તમાકુ, ક્રૂડ, પેટ્રોલ, ડીઝલ, નેચરલ ગેસ અને એવિએશન ટર્બાઈન ફ્યુલ પર સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટી લેવામાં આવે છે.

[III] સેઝ એકમોને કેન્દ્રીય આબકારી જકાત (માલના ઉત્પાદન, આયાત કે નિકાસ પર લેવાતો કર)ના દાયરામાંથી બહાર રાખવા સહિતના લાભો આપવામાં આવે છે.

Current Affairs By C.H.Jhingala

**(*) એમેઝોનના ગાઢ જંગલોમાં ઈન્ટરનેટ પહોંચ્યું પરંતુ તેના લાભ કરતાં નુકસાનની વકી વધુ**

[I] ધરતી પરના સૌથી ગાઢ એમેઝોનનાં અંતરિયાળ જંગલમાં રહેતી મારૂબો જનજાતિ કે જેઓ બ્રાઝિલમાં ઈટુઈ નદીના કિનારે ઝૂંપડપટ્ટીમાં રહે છે. અને તેઓ અલગ જ વાતાવરણમાં અન્ય દુનિયાથી તદ્દન વિપરિત રીતે વસવાટ કરે છે.

[II] સપ્ટેમ્બર માસમાં એલન મસ્કના કારણે મારૂબોના ગામમાં સેટેલાઈટથી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પહોંચ્યું. પરંતુ માત્ર ૧ માસના સમયમાં જ તેમની સંપૂર્ણ સંસ્કૃતિ પર સંકટના વાદળો ઘેરાવાનું જોખમ ઊભું થયું.

[III] ખરા અર્થમાં આ ઈન્ટરનેટથી ઝેરી સાપના કરડવા પર સહાય કોલ કરી શકવા, દૂર સંબંધીઓ સાથે વાર્તાલાપ કરવા, ભણતર માટે ઓનલાઈન સુવિધાઓ આપવાનો ઉદ્દેશ હતા.

[IV] શરૂઆતી દિવસોમાં સુવિધાને કારણે ખુશ લોકોમાં તેમના લીડર અલ્ફ્રેડો મારૂબોના મત મુજબ હવે યુવાનો આખો દિવસ ફોન સાથે જોડેલા રહે છે, વોટ્સએપ અને રીલ્સમાં સતત સમય વિતાવે છે.

[V] અન્ય એક રહેવાસી એનોકે મારૂબોએ કહ્યું કે તેઓ જો શિકાર ન કરે તો ભૂખ્યાં રહેવું પડે, પરંતુ આ વળગણને કારણે તેમના યુવાનો આળસુ બન્યા છે

[VI] મારૂબો નેતા પરિસ્થિતિનો તાગ મેળવી ચૂક્યા હોવાથી તેમણે સવારે માત્ર ૨ કલાક, સાંજે ૫ કલાક અને રવિવારે આખો દિવસ ઈન્ટરનેટ શરૂ રાખવાનો નિર્ણય કર્યો છે. અહીંના શિક્ષકો અલગ-અલગ ગામોના વિદ્યાર્થીઓને ઈન્ટરનેટના માધ્યમથી શિક્ષણ મેળવવા સજાગ કરે છે તથા તેના દુરુપયોગ બાબતે પણ સતર્ક કરી રહ્યા છે.

Current Affairs By H. Chingala

(9)

## * ૧ જૂન - ૨૦૨૪ *

**(*) ભારતના IPEF (ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક) કરારો**

(I) ભારત સમૃદ્ધિ માટે IPEF હેઠળ સ્વચ્છ અને ન્યાયી અર્થતંત્ર કરાર પર હસ્તાક્ષર કરશે. આ અમેરિકાની આગેવાની હેઠળની પહેલ છે.

(II) ભારત સિવાય, IPEF ના 13 સભ્ય દેશોએ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેનો ઉદ્દેશ્ય ૨૧મી સદીના પડકારોનો સામનો કરવાનો અને મહત્વપૂર્ણ ક્ષેત્રમાં આર્થિક જોડાણને મજબૂત કરવાનો છે.

(III) IPEF પાસે ચાર સ્તંભો છે - વેપાર, સપ્લાય ચેઈન સ્ટ્રેન્થ, સ્વચ્છ અર્થતંત્ર અને વાજબી અર્થતંત્ર (કર અને ભ્રષ્ટાચાર વિરોધી). આ પહેલમાં ભારત અને US સિવાયના અન્ય 12 દેશોમાં ઓસ્ટ્રેલિયા, બ્રુનેઈ, ફિજી, ઈન્ડોનેશિયા, જાપાન, કોરિયા, મલેશિયા, સિંગાપુર, થાઈલેન્ડ અને વિયેતનામ છે. આ દેશો વિશ્વના આર્થિક ઉત્પાદનમાં 40% અને વેપારમાં 28% હિસ્સો ધરાવે છે.

(IV) IPEF અર્થતંત્ર માટે પર્યાવરણ અનુકૂળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી માટે ભંડોળ એકત્ર કરવામાં મદદ કરશે.


**(*) સુનિતા વિલિયમ્સની ફરીથી અવકાશયાત્રા.**

(I) ભારતીય મૂળના સૂનીતા વિલિયમ્સ ત્રીજીવાર આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન પર પહોંચ્યાં. તેઓ 1 સપ્તાહ સુધી ત્યાં રહેશે.

(II) નાસા માટે સ્પેસએક્સ પછી બોઈંગે સ્પેસક્રાફ્ટ સ્ટારલાઈનર કેપ્સૂલ બનાવ્યા તેની આ પ્રથમ ઉડાન હતી.

(III) સૂનીતાએ સ્પેસક્રાફ્ટને 'કેલિપ્સો' નામ આપ્યું.

(IV) સૂનીતાએ 7 વારમાં 50 કલાક સ્પેસવોક કર્યું.



## [*] વિશ્વ મહાસાગર દિવસ - ૮ જૂન

[I] પૃથ્વી પર જીવન બનાવી રાખવામાં મહાસાગરોની ભૂમિકાને ઉજાગર કરવા અને તેના સંરક્ષણ માટે પ્રેરિત કરવા આ દિવસ મનાવાય છે.

[II] વર્ષ ૨૦૦૮માં સંયુક્ત રાષ્ટ્રએ આ દિવસની જાહેરાત કરી.

[III] 1992માં બ્રાઝીલના રિયો ડી જનેરિયોમાં પર્યાવરણ અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં આ દિવસનો પ્રસ્તાવ રખાયો હતો.

[IV] વર્ષ ૨૦૨૪ની થીમ - 'નવી ઊંડાઈઓને જગાડવી'

## [*] UNમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજ સેવાનિવૃત્ત.

[I] તેઓ ભારતની પ્રથમ મહિલા સંયુક્ત રાષ્ટ્ર રાજદૂત હતા. અને 1987માં ભારતીય વિદેશ સેવામાં સામેલ થયા હતા.

[II] તેમણે 2 ઓગસ્ટ, ૨૦૨૨ એ ન્યૂયોર્કમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ તરીકે પદ સંભાળ્યું હતું.

[III] તેઓ ૨૦૧૧-૨૦૧૪ ભારતની ચીફ ઓફ પ્રોટોકોલ હતા. અને સરકારમાં અત્યાર સુધીમાં આ પદ મેળવનાર પ્રથમ અને એકમાત્ર મહિલા છે.

## [*] FSSAI એ 100% ફળના રસનું લેબલ હટાવવા આદેશ આપ્યા.

[I] FSSAI એ ખાદ્ય વ્યવસાય સંચાલકોને તત્કાલ પ્રભાવથી ફળોના રસના લેબલ અને જાહેરાત પરથી 100% ફળોના રસનો દાવો હટાવવા આદેશ આપ્યા.

[II] સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અનુસાર 100% શુદ્ધ ફળો હોવાનો દાવો તદ્દન ખોટો હોય છે અને તેનાથી સ્વાસ્થ્ય પર વિપરિત અસર પડે છે.

Current Affairs By C.H.Shingala GPSC

## * 10 જૂન-૨૦૨૪ *

**(*) પૂજા તોમર UFC (અલ્ટીમેટ ફાઈટિંગ ચેમ્પિયનશિપ)માં જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી.**

[I] પૂજા તોમર UFCમાં જીતનાર પ્રથમ મિશ્ર માર્શલ ફાઈટર બની. પ્રથમવાર આ ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર પૂજાએ UFC લુઈસવિલેમાં બ્રાઝિલની રેયાન ડોસ સેન્ટોસ સામે ૩૦-૨૭, ૨૭-૩૦, ૨૯-૨૮ - (52 kg) માં વિજય મેળવ્યો.

[II] 'સાઈક્લોન'ના નામથી પ્રચલિત ૩૦ વર્ષીય પૂજાએ ૨૦૨૩ના ઓક્ટોબરમાં UFCની સાથે કોન્ટ્રાક્ટ કર્યો અને આ રીતે માર્શલ આર્ટ્સની ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર પ્રથમ ભારતીય મહિલા બની.

[III] ઉ.પ્ર.ના મુઝફ્ફરનગરના બુઢાણા ગામની પૂજા પાંચ વારની રાષ્ટ્રીય ચેમ્પિયન છે અને તેમણ કરાટે અને ઈક્વાન્ડોમાં વિજેતા રહ્યા છે.

**(*) સ્કૂલ શિક્ષા વિભાગે રાષ્ટ્રીય ઈ-પુસ્તકાલય માં નેશનલ બુક ટ્રસ્ટ સાથે સમજૂતી કરી.**

[I] રાષ્ટ્રીય ઈ-પુસ્તકાલય પ્રથમ ડિજિટલ લાયબ્રેરી બનશે. જે બાળકો અને કિશોરોને ૨૨ થી વધુ ભાષામાં 40 થી વધુ પ્રતિષ્ઠિત પ્રકાશકો દ્વારા પ્રકાશિત 1000 થી વધુ બિન-શૈક્ષણિક પુસ્તકો ઉપલબ્ધ કરાવશે.

[II] પુસ્તકોને NEP 2020 અંતર્ગત ચાર સમુહમાં ઉંમરના આધારે વિભાજિત કરાયા છે. ૩થી૮, ૮થી૧૧, ૧૧થી ૧૪ અને ૧૪થી૧૮,

[III] આ લાયબ્રેરીનો ઉદ્દેશ્ય દેશમાં બાળકો અને કિશોરો માટે ભૌગોલિક, ભાષા, વિદ્યા અને માહિતીના સ્તરમાં ગુણવત્તાપૂર્ણ પુસ્તકોની ઉપલબ્ધિ કરાવવાનો છે. આ માટે રાષ્ટ્રીય ઈ-પુસ્તકાલય એપ એન્ડ્રોઈડ અને IOS બંનેમાં ડાઉનલોડ કરી શકાશે.

Current Affairs By C.H.Shingala

**[*] રાષ્ટ્રીય સંકલન સમિતિએ વિશ્વની સૌથી મોટી અનાજ ભંડારણ યોજના પર કામ શરૂ કર્યું.**

[I] નવી દિલ્હીમાં સહકારિતા મંત્રાલયમાં આ યોજના માટેની બેઠકનું આયોજન થયું. જેમાં સમિતિએ 11 રાજ્યોમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂ થયેલ આ યોજનાનો રિપોર્ટ સોંપ્યો.

[II] આ યોજનાનો ઉદ્દેશ્ય પ્રાથમિક કૃષિ સહકારી સમિતિ માટે વિવિધ કૃષિ પ્રાથમિક સુવિધાનો વિકાસ કરવાનો છે. જેમાં ગોદામ, પ્રોસેસ એકમો તથા ઉચિત મૂલ્યની દુકાનો સામેલ છે.

**[*] 2 જૂન, ૨૦24 થી હૈદરાબાદ આંધ્રપ્રદેશ, તેલંગાણાની સંયુક્ત રાજધાની નહીં રહે.**

[I] ૨૦14 માં આંધ્રપ્રદેશના વિભાજન બાદ હૈદરાબાદને 10 વર્ષ માટે તેલંગાણા અને આંધ્રપ્રદેશની સંયુક્ત રાજધાની બનાવવામાં આવી હતી.

[II] તેલંગાણાની રચના ૨ જૂન ૨૦14 ના થઈ હતી. હવેથી 2 જૂન ૨૦24 થી હૈદરાબાદ માત્ર તેલંગાણાની રાજધાની રહેશે.

[III] આંધ્રપ્રદેશ પુનર્ગઠન અધિનિયમ, ૨૦14 ની કલમ 5(1) અનુસાર હૈદરાબાદને માત્ર 10 વર્ષ માટે તેલંગાણાની રાજધાની બનાવી હતી. અને આંધ્રપ્રદેશ માટે એક નવી રાજધાનીની સ્થાપના કરવાની હતી.

[IV] હાલ આંધ્રપ્રદેશે પોતાની સ્થાયી રાજધાની સ્થાપવા માટેનો નિર્ણય કર્યો નથી. અમરાવતી અને વિશાખાપટ્ટનમ નો વિવાદ અદાલતમાં છે.

ફ્રી સરકારી નોકરી માટેની તૈયારી
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો. 76000 51070

## (*) ચીનમાં પ્રથમવાર જીવિત કેન્સર રોગીમાં સૂઅરનું લીવર પ્રત્યારોપિત કરાયું.

(I) દુનિયામાં પ્રથમવાર ગંભીર લીવર કેન્સરથી પીડિત વ્યક્તિમાં સુઅરનું લિવર સ્થાપિત કરાયુ.

(II) ચીનમાં 71 વર્ષીય વ્યક્તિ સુઅરનું અંગ પ્રાપ્ત કરનાર પાંચમી વ્યક્તિ છે અને આનુવંશિક રીતે સંશોધિત સુઅરના લીવરને પ્રત્યારોપિત કરનાર પ્રથમ જીવિત વ્યક્તિ બન્યા.

(III) આ ઘટનાને જેનોટ્રાન્સપ્લાન્ટ પ્રક્રિયામાં એક મહત્વપૂર્ણ બાબત માનવામાં આવે છે. સુઅરનું લિવર ડાયગ્રામનું હતું. અને અંગ સ્વીકૃતિ અને શિથિલતાને રોકવા તેમાં 10 જીન સંપાદન કરાયા હતા.

## (*) 'એક પેડ મા કે નામ' અભિયાન

(I) વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ અભિયાનની શરૂઆત કરી, અને દિલ્લીમાં બુદ્ધ જયંતી પાર્ક ખાતે પીપળના વૃક્ષનું વાવેતર કર્યું.

(II) આ અભિયાનથી લોકોને તેમની માતાના શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો તથા પૃથ્વીને બહેતર બનાવવામાં યોગદાન આપવાનો અનુરોધ કર્યો છે.

(III) એક રિપોર્ટ અનુસાર ભારતે 2000થી અત્યાર સુધીમાં 2.33 મિલિયન હેક્ટર વૃક્ષો ખોયા છે. ક્ષેત્રફળના આધારે મધ્યપ્રદેશ સૌથી વધુ વનક્ષેત્ર ધરાવે છે જ્યારે ત્યારબાદ અરૂણાચલ પ્રદેશ છે.

(IV) ISFR 2021ના આંકડાઓ મુજબ દેશમાં કુલ વન ક્ષેત્ર 21.71%. છે. જ્યારે રાષ્ટ્રીય વનનીતિ અનુસાર તે 33%. હોવું અનિવાર્ય છે.



## * 11 જૂન-2024 * (૨૫)

### [*] હિન્દી સાહિત્ય ભારતી પુરસ્કાર

I) મુંબઈ પોલીસની આતંકવાદ વિરોધી ફોર્સના પ્રમુખ કૃષ્ણા પ્રકાશને આ પુરસ્કાર આપવામાં આવ્યો.

II) હિન્દી સાહિત્ય ભારતી પહેલ સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રયાસોને વેગ આપવા બુદ્ધિજીવીઓને મંચ પર લાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

III) કૃષ્ણ પ્રકાશ ભગવાન રામને પોસ્ટકાર્ડના માધ્યમથી સૌથી વધુ પત્ર લખનાર બેવખતના ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ ધારક છે.



Mumbai's Cop Krishna Prakash honored with Hindi Sahitya Bharati Award

### [*] હેલેન મૈરી રોબર્ટ્સ અલ્પસંખ્યક સમુદાયથી પાકિસ્તાન સેનામાં પ્રથમ મહિલા બ્રિગેડિયર બન્યા.

I) પાકિસ્તાન આર્મી મેડિકલ કોરમાં સેવારત ડૉ. હેલેન મૈરી રોબર્ટ્સે દેશના ઇતિહાસમાં આ સ્થાન મેળવી પ્રથમ મહિલાનું બિરુદ મેળવ્યું.

II) હેલેન પાકિસ્તાની સેનાના એ અધિકારીઓમાંથી છે જેમણે પસંદગી બોર્ડ દ્વારા બ્રિગેડિયર અને પૂર્ણ કર્નલના રૂપમાં પસંદ કરાયા. તેઓ 26 વર્ષના અનુભવ સાથે સેવારત એક વરિષ્ઠ રોગ વિજ્ઞાની છે.

III) પાકિસ્તાન જનસંખ્યા બ્યૂરોના 2021ના આંકડાઓ અનુસાર દેશમાં 96.47% મુસ્લિમ, 2.14% હિંદૂ, 1.27% ઈસાઈ, 0.09% અહમદિયા મુસ્લિમ અને 0.02% અન્ય છે.

Current Affairs By C.H.Shingala GPSC

**(*) રેલવે એ ટ્રેક પાર કરનાર હાથીઓની ભલાકારી માટે ઓપ્ટિકલ ફાયબર આધારિત સિસ્ટમ સ્થાપિત કરશે.**

(I) રેલવેએ કોટેકકડ અને મદુક્કરાઈ વચ્ચે 33 km લાંબો હાથી પ્રભાવિત માર્ગ પર ઓપ્ટિકલ ફાયબર આધારિત ચીળાય સિસ્ટમ સ્થાપિત કરાશે. જે પાટાઓ પર હાથીઓની મોતને રોકવાનો એક ભાગ બનશે.

(II) 15.4 કરોડના ખર્ચની આ સિસ્ટમ હાલ પ્રાયોગિક ધોરણે લગાવાયા બાદ સમગ્ર દક્ષિણ રેલવેમાં લગાવાશે.

(III) ઓપ્ટિકલ ફાયબર નેટવર્કના કંપનના આધારે નાના અથવા મોટા પ્રાણીની હાજરી જાણી શકાશે અને તે અંગે સ્ટેશન માસ્તર તથા લોકોપાયલટને વાસ્તવિક સમય એલર્ટ મળશે.

(IV) આ સિસ્ટમમાં કોઈ કેમેરા નથી હોય, માત્ર અવાજ અને પ્રકાશના આધારે સિસ્ટમ કામ કરશે.

**(*) હાલા ટોમસડોટિર - આઈસલેન્ડના નવા રા.પતિ બન્યા.**

(I) તેમને 34.3% વોટ મળ્યા, અને તેમના પ્રતિસ્પર્ધી કૈટરીન જૈકબ્સડોટિરને હાર આપી.

(II) તેઓ હાલના રાષ્ટ્રપતિ ગુડની થ. જોહાન્સનનું સ્થાન લેશે જેમણે બે ચાર વર્ષીય કાર્યકાળ બાદ પુનઃ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લીધો ન હતો.



(III) હાલા એક વ્યવસાયી અને રોકાણકાર છે તથા ઓડુર કેપિટલના સહ-સંસ્થાપક છે.

- વિગડિસ ફિનબોગાડોટિર આઈસલેન્ડની પ્રથમ નિર્વાચિત મહિલા રાષ્ટ્રપતિ હતા.

Current Affairs By C.H.Shingala

(*) સુશીલ કુમાર સિંહ - દીનદયાળ પોર્ટ ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા

(I) તેઓ બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયમાં બંદરો, PPP મોડેલની દેખરેખ કરનાર સંયુક્ત સચિવ છે.

(II) તેઓ એસ. કે. મહેતાનું સ્થાન લેશે. જેમણે 5 વર્ષના કાર્યકાળ બાદ તેમનું પદ છોડ્યું છે.

(III) સુશીલ કુમાર ભારતીય રેલવે મિકેનિકલ એન્જિનિયરિંગ સેવાના 1993 બેચના અધિકારી છે અને તે ભારતીય રેલવેની ગ્રુપ A સેન્ટ્રલ એન્જિનિયરિંગ સેવાઓમાંની એક છે.



(IV) દીનદયાળ બંદર ટ્રસ્ટ સંચાલનની દષ્ટિએ ભારતનું બીજું સૌથી મોટું સરકારી સ્વામિત્વ વાળું વાણિજ્યિક બંદર સંચાલક છે.

## One Liner News.

(A) સંરક્ષણ એકાઉન્ટ્સ વિભાગે બેંક ઓફ ઈન્ડિયા, કેનરા બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેંક સાથે પેન્શન સંબંધિત બાબતો માટે સમજૂતી કરી.

(B) C-DOT (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલીમેટિક્સ) ને બ્રોડકાસ્ટની મદદથી ઈમરજન્સી એલર્ટિંગ સુવિધાના પરિક્ષણ બદલ સંયુક્ત રાષ્ટ્ર WSIS (વર્લ્ડ સમિટ ઓન ધ ઈન્ફોર્મેશન સોસાયટી) 2024 'ચેમ્પિયન' પુરસ્કાર અપાયો.

(C) લોકસભા ચૂંટણીમાં મધ્યપ્રદેશના ઈન્દોરમાં સૌથી વધુ મત (2લાખ 18 હજાર) નોટામાં પડ્યા. જે કુલ મતના 14% છે.

# * 12 જૂન - 2024 *

## (*) IIT ધારવાડે અગ્નિ બચાવ સહાયક ડ્રોન વિકસિત કર્યું.

(I) પ્રો. સુધીર સિદ્ધપુરેડ્ડી અને પ્રો. અમીર મુલ્લાના નેતૃત્વમાં આ પ્રોજેક્ટને તિહાન ફાઉન્ડેશન, IIT હૈદરાબાદ દ્વારા નાણાકીય સહાય આપવામાં આવી.

(II) આ ડ્રોનનું અનાવરણ અને પ્રદર્શન ડ્રોન ડિઝાઈન એન્ડ ઓટોનોમસ નેવિગેશન ઈન ફાયર રેસ્ક્યૂ પરના બે દિવસીય કાર્યક્રમમાં કરવામાં આવ્યું.

(III) આ કાર્યક્રમનું આયોજન ફાયર એન્ડ થર્મલ રિસર્ચ લેબ અને કન્ટ્રોલ સિસ્ટમ્સ એન્ડ રોબોટિક્સ લેબ, IIT ધારવાડે કર્યું હતું.

(IV) આ ડ્રોન ઈનડોર સંચાલનમાં અત્યંત ઉપયોગી અને તે પ્રકારનું નાનું ડ્રોન છે અને તે ઉચ્ચ તાપમાનનો સામનો કરવા સક્ષમ છે. તેનાથી રેલવે સ્ટેશન, મોલ, તીર્થસ્થળો જેવા ભીડભાડ વાળા સ્થાનોમાં આગ સામે સુરક્ષા મેળવવામાં ઉપયોગી રહેશે.

## (*) આંતરરાષ્ટ્રીય રમત દિવસ - 11 જૂન

(I) રમત ગમતને સંરક્ષિત કરવા, વેગ આપવા અને પ્રાથમિકતા આપવાના પ્રયાસોને મહત્વ આપવા આ દિવસ મનાવાય છે.

(II) આ દિવસ 18 વર્ષથી ઓછી ઉંમરના તમામ બાળકોમાં રમતના અધિકારને દર્શાવવા ઉજવાય છે.

(III) રમતિયાળ પ્રતિક્રિયાઓ બાળકમાં માનસિક સકારાત્મક સ્વાસ્થ્ય આપે છે. અને ભારતમાં ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજ વિભાગે આ દિવસના ભાગ રૂપે ગ્રામ પંચાયત મહત્તા કેન્દ્રમાં તમામ બાળકો માટે રમત ગમત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

Current Affairs By C.J. Shingala

(*) ભારત ૨૦૩૦ના ૫૦૦ ગીગાવોટના લક્ષ્યને પૂર્ણ કરવા અક્ષય ઊર્જામાં ૩૮૫ બિલિયન ડોલરનું રોકાણ કરશે.

I) ભારત એક પ્રમુખ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જક છે અને આવનારા દશકોમાં કોલસાથી વીજ ઉત્પાદન ક્ષેત્રમાં ભારત વધુ કાર્યક્ષમતા દર્શાવી શકે છે.

II) ભારત તેના ૫૦૦ ગીગાવોટના લક્ષ્યને પૂર્ણ કરવા દર વર્ષે બિન પરંપરાગત ઇંધણ ક્ષમતાને ૫૦ GW ના દરે વધારશે.

III) ભારતની મજબૂત નીતિગત આયોજન ક્ષમતાથી વર્ષ ૨૦૨૩-૨૪ માં નવીનીકરણીય ઊર્જાની હિસ્સેદારી વિજળી ઉત્પાદનમાં ૪૩% નિર્ધારિત કરી.

(*) નક્ષત્ર સભા - મસૂરી ખાતે આયોજિત કરવામાં આવી.

I) ભારતનું આ પ્રથમ ખગોળ પર્યટન અભિયાન મસૂરીના જ્યોર્જ એવરેસ્ટ પીક પર ૧ અને ૨ જૂને કરવામાં આવ્યું હતું.

II) આ આયોજન ઉત્તરાખંડ પર્યટન વિકાસ બોર્ડ અને સ્ટારસ્કેપ્સે કર્યું હતું.

III) આ કાર્યક્રમ અંતર્ગત વિશેષજ્ઞો દ્વારા ખગોળ ફોટોગ્રાફી શિબિર, વિશેષ ઉપકરણોના માધ્યમથી તારાઓને નિહાળવા, સૌર ચશ્મા અને H-આલ્ફા ફિલ્ટરના માધ્યમથી સૌર અવલોકન, નેવિગેશન અને રાઈમફિલ્મ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

IV) આ કાર્યક્રમ મસૂરી ઉપરાંત દેશના અન્ય સ્થળો નૈનીતાલ, ઋષિકેશ, બાગેશ્વર, રામનગર ખાતે પણ કરવામાં આવ્યું હતું.

GPSC Current Affairs By C.H.Shingala

(*) શેખ સબા ખાલિદ અલ સબા - કુવૈતના નવા ક્રાઉન પ્રિંસ નિયુક્ત.

(I) આ નિયુક્તિ કુવૈતના શાસક અમીર શેખ મેશાલ અલ અહમદ અલ જાબેર કુવૈત દ્વારા કરવામાં આવી.

(II) શેખ સબા અગાઉ કુવૈતના પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી તરીકે કાર્યરત હતા. શેખ મેશાલના પદ સંભાળ્યા બાદ લગભગ 6 માસ બાદ ક્રાઉન પ્રિંસની નિયુક્તિ કરવામાં આવી.

(III) તાજેતરમાં કુવૈતના મુખિયા શેખ મેશલે સંસદને ચાર વર્ષ માટે ભંગ કરી હતી.

(IV) કુવૈત દુનિયાનો 6ઠ્ઠો સૌથી મોટો તેલ ભંડારક છે અને તે ફારસની ખાડી પર સ્થિત છે. તેની રાજધાની કુવૈત સિટી છે.

(V) કુવૈતની સરહદ.

- ઉત્તર- ઈરાક
- દક્ષિણ- સાઉદી અરબ
- સમુદ્રી સીમા- ઈરાન.



(*) બાયો ફાર્માસ્યુટિકલ ગઠબંધન.

(I) ભારત, દ. કોરિયા, અમેરિકા, જાપાન, યુરોપીય સંઘે આ ગઠબંધન શરૂ કર્યું. જે covid-19માં જોવા મળેલ દવાની અછત સામે લડવા માટેની યોજનાના ભાગ રૂપે છે.

(II) ગઠબંધન બેઠકમાં ભાગ લેનાર અધિકારીઓ અને ફાર્માં કંપનીના માલિકોએ બાયો નીતિ, વિનિમય અને વિકાસ બાબત ઉપાયો મેળવવા સહમતિ વ્યક્ત કરી.

(III) અમેરિકાના સૈન ડિએગોમાં આયોજિત બાયો ઇન્ટરનેશનલ કન્વેંશન 2024માં અમેરિકા અને દ.કોરિયાએ જાપાન, ભારત અને યુરોપિય સંઘ સાથે ગઠબંધનમાં જોડાયને તેને વિસ્તારિત કરવા માટેનો પ્રસ્તાવ મૂક્યો.

Current Affairs C.H.Shingala

# * 13 જૂન - 2024 *

**[*] રશિયાઈ અંતરિક્ષ યાત્રી અંતરિક્ષમાં 1000 દિવસ વિતાવનાર પ્રથમ વ્યક્તિ બન્યા.**

[I] 2008 થી આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનની પાંચ યાત્રા કરી ચૂકેલા 'ઓલેગ કોનોનેંકો' એ આ નવી સિદ્ધિ મેળવી.

[II] 2015માં રશિયાના ગેનેડી પડલ્કાએ 878 દિવસ, 11 કલાક, 29 મિનિટ, 48 સેકન્ડનો રેકોર્ડ બનાવ્યો હતો જેને ઓલેગે તોડ્યો.

**[*] બિહારના નેગી અને નેકટી અભયારણ્યને 'રામસર સાઈટ' જાહેર કરાયા.**

[I] નેગી અને નેકટી પક્ષી અભયારણ્ય માનવ નિર્મિત જળાશય બિહારના જમુઈ જિલ્લાના ઝાઝા વનક્ષેત્રમાં સ્થિત છે.

[II] નેકટી પક્ષી અભયારણ્ય મુખ્યત્વે સિંચાઈ માટે વિકસિત જેને 1984માં પક્ષી અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું હતુ. જ્યારે નેગી અભયારણ્ય નેગી નદી પર કરવામાં આવ્યું. બંધ બાંધ્યા બાદ કરાયું. જ્યાં 75થી વધુ પક્ષી, 33 માછલી, અને અન્ય 12 જળચર પ્રજાતિનો વસવાટ છે.

[III] આ ક્ષેત્ર સિંધુ-ગંગા મેદાનમાં જોવા મળતા બાર-હેડેડ ગીધનું સૌથી મોટું રહેઠાણ દર્શાવે છે.

⊙ **રામસર સાઈટ્સ** ⊙
- → UK - 175 (સૌથી વધું)
- → મેક્સિકો - 144 (બીજા નંબરે)
- → ભારત અને ચીન - 82 (ત્રીજા ક્રમે)
- → ગુજરાત - 4

▷ આર્દ્રભૂમિ સંરક્ષણ માટે 1971માં ઈરાનના રામસર ખાતે આયોજિત રામસર સંમેલનમાં રામસર સાઈટ્સ જાહેર કરવા માટેના નીતિ નિયમો ઘડવામાં આવ્યા.

• વિશ્વ આર્દ્રભૂમિ દિવસ - 2 ફેબ્રુઆરી

Current Affairs By G.H.Jhingala

**(*) કમલ કિશોર સેન - કર્મચારી રાજ્ય વીમા નિગમના અધ્યક્ષનો વધારાનો ચાર્જ સોંપાયો**

(I) શ્રી કમલ ઝારખંડ કેડરના IAS અધિકારી છે. અને વર્તમાનમાં શ્રમ અને રોજગાર મંત્રાલયમાં સચિવ છે.

:: કર્મચારી રાજ્ય વીમા નિગમ:-

→ સ્થાપના - 1952

→ શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળની વૈધાનિક સંસ્થા.

→ કર્મચારી રાજ્ય વીમા નિગમના કર્મચારી રાજ્ય વીમા નિગમ અધિનિયમ-1948 હેઠળ સ્થાપિત.

**(*) AJT જોનસિંહનું બેંગલુરુમાં નિધન થયું.**

(I) તેઓ એક પ્રસિદ્ધ વન્યજીવ ક્ષેત્ર જીવવિજ્ઞાની અને ભારતના પ્રથમ વન્યજીવ સંરક્ષણવાદીઓ માંના એક છે.

(II) 1980ના દશકની શરૂઆતમાં હાથી પરના તેમના અભૂતપૂર્વ શોધના કારણે ભારતના પ્રોજેક્ટ એલીફન્ટના વિકાસમાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી.

(III) તેઓએ વિશ્વભરના હાથી વિશેષજ્ઞોની વૈશ્વિક સંગોષ્ઠી તમિલનાડુના મુદુમલાઈ વન્યજીવ અભયારણ્ય ખાતે અધ્યક્ષતા મળેલ હતી. તેઓ વાઘ સંરક્ષણ બોર્ડ અને રાષ્ટ્રીય વન્યજીવ સંરક્ષણ બોર્ડના સભ્ય તરીકે પણ કામગીરી કરી હતી.

Current Affairs By C.J Shingala

# * 14 જૂન - 2024 *

**(*) પાકિસ્તાન, ડેનમાર્ક, ગ્રીસ, પનામા અને સોમાલિયાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરીષદના અસ્થાયી સભ્ય તરીકે પસંદ કરાયા.**

(I) આ પાંચ દેશોનો કાર્યકાળ 1 જાન્યુ., 2025 થી શરૂ થશે. તમામને UN મહાસભામાં ગુપ્ત મતદાનથી પસંદ કરાયા.

(II) આ પાંચ દેશો મોઝામ્બિક, જાપાન, ઈક્વાડોર, માલ્ટા અને સ્વિત્ઝરલેન્ડનું સ્થાન લેશે. પાકિસ્તાન 8મી વાર અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાય આવ્યું છે.

(III) આફ્રિકી અને એશિયા-પ્રશાંત દેશો માટે આરક્ષિત બે સીટોમાં સોમાલિયાએ 179 અને પાકિસ્તાને 182 સીટ મેળવી. જ્યારે લેટિન અમેરિકી અને કેરેબિયાઈ દેશોમાં પનામાને 183, પ.યુરોપીય અને અન્ય દેશોમાં ડેનમાર્કને 184 અને ગ્રીસને 182 વોટ મળ્યા.

(IV) સંયુક્ત રાજ્ય અમેરિકા, રશિયા, ચીન, યુનાઈટેડ કિંગડમ અને ફ્રાંસ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના પાંચ સ્થાયી સભ્યો છે.

Current Affairs By C.H.Shingala

**(*) સરકારે વાયુ ગુણવત્તા તપાસ પ્રણાલી અને વાયુ પ્રવાહ સોફ્ટ લોન્ચ કર્યા.**

(I) આ સિસ્ટમ AQ-AIMS (Air quality - Air Index Monitoring System) PM1.0, PM2.5, PM10, $SO_2$, $NO_2$, $O_3$, CO, $CO_2$ જેવા પ્રદૂષકો પર નજર રાખશે.

(II) આ સિસ્ટમ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યૂટિંગ (C-DAC), કોલકાતાની ઈક્સામન અને ઉદ્યોગ ભાગીદાર જે એમ એનવાયરોલેબ પ્રાઈવેટ લિમિટેડના સહયોગ બનાવાયા છે.

## [*] ઉપભોગ વ્યય સર્વેક્ષણ-2022-23.

[I] આ સર્વેક્ષણ અનુસાર પરિવારોએ પેય પદાર્થ, જલપાન અને પ્રોસેસ્ડ ફૂડ પર સૌથી વધુ ખર્ચ કર્યો.

[II] તમામ મુખ્ય રાજ્યમાં ગ્રામીણ ક્ષેત્રમાં પરિવારોએ કુલ ખર્ચના 41.7%. દૂધ અને દૂધની બનાવટમાં ખર્ચ કર્યો. જ્યારે શહેરી ક્ષેત્રમાં રાજસ્થાને 33.2%. ખર્ચ કર્યો.

[III] કેરળે 'ઈંડા, માછલી અને માંસ'માં સૌથી વધુ 23.5%. ખર્ચ કર્યો.

[IV] પેય પદાર્થ અને પ્રોસેસ્ડ ફૂડના ઉપયોગમાં તમિલનાડુ પ્રથમ સ્થાને છે.

[V] સમગ્ર ભારતમાં પેયપદાર્થ, જલપાન અને પ્રોસેસ્ડ ફૂડમાં કુલ ખર્ચના [46%.] ખર્ચ કરવામાં આવ્યો. જ્યારે દૂધ અને દૂધની બનાવટમાં 8.33%., શાકભાજીમાં 5.38%., અનાજમાં 4.91%. ખર્ચ થયો.

[VI] ગ્રામીણ ભારતમાં કુલ બિન ખાદ્ય પદાર્થોમાં વાહન પર માસિક ખર્ચ સૌથી વધુ કેરળમાં 18.9%. થયો.

Current Affairs By C.H.Shingala

## [*] બ્રિટનમાં કિંગ ચાર્લ્સ કરન્સી નોટની શરૂઆત.

[I] બેંક ઓફ ઈંગ્લેન્ડે લોકો પાસેથી મહારાણી એલિઝાબેથ-2ની છબી વાળી જુની બેંક નોટ પાછી મંગાવી અને કિંગ ચાર્લ્સના ફોટાવાળી કરન્સી અમલમાં મૂકી. આ સાથે કિંગ ચાર્લ્સ-3 બેંક ઓફ ઈંગ્લેન્ડની નોટ પર દેખા મળતા બીજા સમ્રાટ બન્યા.

[II] ડિસે. 2022માં મહારાણી એલિઝાબેથના મૃત્યુ બાદ રાજા ચાર્લ્સની ચિત્રાત કરતી નોટ પ્રથમવાર સપ્ટેમ્બર 2022માં જાહેર કરવામાં આવી હતી.

[III] બ્રિટન 30 જૂન સુધીમાં જૂની નોટ બદલવાનો સમય આપ્યો છે પરંતુ ત્યારબાદ પણ આ નોટો ચલણમાં રહેશે.



* 15 જૂન-૨૦૨૪ *

## (*) ISRO એ ભારત-ફ્રાંસ તૃષ્ણા મિશનની માહિતી આપી.

(I) વિશ્વ પર્યાવરણ દિવસના અવસર પર ઈસરોએ તૃષ્ણા મિશન માટે ફ્રાંસની રાષ્ટ્રીય અંતરિક્ષ એજન્સી સાથે ચર્ચા કરી.

(II) તૃષ્ણાનો અર્થ- ઉચ્ચ રિઝોલ્યુશન પ્રાકૃતિક સંશાધન મૂલ્યાંકન માટે થર્મલ ઈન્ફ્રારેડ ઈમેજિંગ સેટેલાઈટ છે.

(III) તૃષ્ણા ક્ષેત્રીયથી વૈશ્વિક ધોરણે પૃથ્વીની સપાટીના તાપમાન, ઉત્સર્જન અને ઊર્જા બજેટ માટે જૈવિક બાબતો પર નિગરાની માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

(IV) આ મિશન જળ અને ખાદ્ય સુરક્ષા ચુનૌતીઓનું સમાધાન કરે છે તથા માનવ- પ્રેરિત જળવાયુ પરિવર્તનના પ્રભાવો અને બાષ્પોત્સર્જનની દેખરેખના માધ્યમથી કુશળ જળ સંશાધન પ્રબંધન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(V) તૃષ્ણાનો પ્રાથમિક ઉદ્દેશ્ય જળ સંશાધનને બચાવવાનો તથા તેમાં વધારો કરવાનો છે તથા બીજો ઉદ્દેશ્ય શહેરી તાપમાનનો મૂલ્યાંકન, જ્વાળામુખી ગતિવિધિ અને ભૂતાપીય સંશાધનોથી જોડાયેલ થર્મલ વિસંગતતાઓ બાબતે કામગીરી કરવાનો છે.

## (*) લોકસભા સચિવાલય દ્વારા પ્રેરણા સ્થળનો વિકાસ કરાશે.

(I) સંસદ ભવન પરિસરમાં લોકસભા સચિવાલય પ્રેરણા સ્થળનો વિકાસ કરાશે. આ સ્થળે દેશના મહાન નેતાઓ અને સ્વતંત્રતા સેનાનીઓની પ્રતિમાં સ્થાપિત થશે.

(II) અગાઉ આ પ્રતિમાઓ પરિસરમાં અલગ અલગ વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવી હતી.

(III) આ સ્થળે આધુનિક ટેકનોલોજીની મદદથી વિઝિટરને વિસ્તૃત માહિતી પણ આપવામાં આવશે.

- સંસદ ભવન પરિસર લોકસભા અધ્યક્ષના અધિકાર ક્ષેત્રમાં આવે છે.

Current Affairs By C.H. Sringala GPSC

**(*) NCLT (નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ) એ એર ઈન્ડિયા અને વિસ્તારાના વિલયને મંજૂરી આપી.**

I. NCLT, ચંદીગઢ બેંચે ટાટા સન્સના સ્વામિત્વવાળી એર ઈન્ડિયાના વિસ્તારા સાથેના વિલયને મંજૂરી આપી.

II. બંને એરલાયન્સ તેના નેટવર્ક, માનવ સંસાધન અને સુવિધા માટે એકીકૃત યોજનાઓ બનાવશે.

III. આ જોડાણથી દુનિયાના સૌથી મોટા એરલાઈન્સ સમૂહમાંના એકનું નિર્માણ થશે.

IV. આ સમજૂતી અનુસાર, સિંગાપુર એરલાયન્સ-પાસે એર ઈન્ડિયામાં 25.1% હિસ્સો રહેશે.

V. વિસ્તારા, ટાટા સન્સ લિ. અને સિંગાપુર એરલાયન્સ લિ.નું સંયુક્ત ઉદ્યમ છે

**(*) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત ત્રીજીવાર શપથ લીધા.**

I. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ પ્રધાનમંત્રી પદ માટે નરેન્દ્ર મોદીને શપથ લેવડાવ્યા.

II. મોદી ઓક્ટોબર 2001 થી 2014 સુધી ગુજરાતના સૌથી લાંબા સમય મુખ્યમંત્રી રહ્યા. 2014માં પ્રધાનમંત્રી તરીકેનો તેમણે પ્રથમ કાર્યકાળ શરૂ કર્યો હતો.

III. 2024 લોકસભા ચૂંટણીમાં PM મોદી સંસદમાં 292 સીટો સાથે NDA ગઠબંધનનું નેતૃત્વ કરશે. 2014 અને 2019માં BJP એ ક્રમશ: 282 અને 303 સીટો લોકસભામાં મળી હતી.

IV. શપથગ્રહણમાં ઉપસ્થિત મહેમાનો ____.

- (A) નેપાળ PM - પુષ્પ કમલ દહલ પ્રચંડ
- (B) ભૂટાન PM — શેરિંગ તોબગે
- (C) મોરિશસ PM - પ્રવિંદ જગન્નાથ
- (D) સેશેલ્સ ઉપરા.પતિ - અહમદ અફિફ
- (E) શ્રીલંકા રા.પતિ - રાનિલ વિક્રમસિંઘે
- (F) માલદીવ રા.પતિ - મોહમ્મદ મોઈજ્જુ
- (G) બાંગ્લાદેશ PM - શેખ હસીના

# કરન્ટ અફેર્સ

Crack GPSC

## Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

**એપ્લિકેશનમાં Current Affairs વિભાગમાં આપને મળશે ...**

- Monthly મેગેઝિન
- કરન્ટ શતક
- પ્રેક્ટિસ
- MCQ PDF
- One-Liner PDF
- Important Articles

## Current Affairs મોક ટેસ્ટ વિભાગ

જેમાં GPSC Class 1, 2 અને 3 - તમામ લેવલની
મોક ટેસ્ટ આજની પરીક્ષા પદ્ધતિ મુજબ લેવામાં આવે છે.
તો ચોક્કસ MOCK TEST નો લાભ લો.

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

**UP TO 40% OFF**

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




MRP. ~~496/-~~ Only @ 299/-




MRP. ~~380/-~~ Only @ 230/-




MRP. ~~380/-~~ Only @ 230/-




Coming...




Coming...

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




MRP. ~~270/-~~ Only @ 162/-




MRP. ~~230/-~~ Only @ 170/-




MRP. ~~385/-~~ Only @ 235/-




MRP. ~~280/-~~ Only @ 168/-




MRP. ~~180/-~~ Only @ 126/-

ORDER

Visit website crackgpsc.com/books **OR અથવા** Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી **OR અથવા** અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી)

QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

સરકારી નોકરીની તૈયારી માટે

76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**


# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**
























ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**

# એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**TAT | TET | HTAT**



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Redeem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

**અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.**